Wednesday
24.08.2022
*Volume :7 * Issue No.22
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી શ્રી ૨૫મી ઓગસ્ટે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન ૨૦૨૨ના ગ્રાન્ડ ફિનાલેને સંબોધિત કરશે

**સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન્સે યુવાનોમાં પ્રોડક્ટ ઈનોવેશન, સમસ્યાનું નિરાકરણ અને આઉટ ઓફ ધ બોક્સ થિંકિંગની સંસ્કૃતિ કેળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે**

**૨૯૦૦થી વધુ શાળાઓ અને ૨૨૦૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ અંતિમ તબક્કામાં ૫૩ કેન્દ્રીય મંત્રાલયોમાંથી ૪૭૬ સમસ્યા નિવેદનોનો સામનો કરશે**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન ૨૦૨૨નાગ્રાન્ડ ફિનાલેને ૨૫મી ઓગસ્ટે રાત્રે ૮ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગદ્વારા સંબોધિત કરશે. દેશમાં ખાસ કરીને યુવાનોમાં નવીનતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનોપ્રધાનમંત્રી શ્રીનો સતત પ્રયાસ રહ્યો છે. આ વિઝનને ધ્યાનમાં રાખીને, સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન (SIH)નીશરૂઆત વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી. SIH એ વિદ્યાર્થીઓને સમાજ, સંસ્થાઓ અને સરકારનીમહત્ત્વની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે એકપ્લેટફોર્મ પૂરું પાડવા માટે દેશવ્યાપી પહેલ છે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પ્રોડક્ટ ઈનોવેશન, સમસ્યાનું નિરાકરણ અને આઉટ-ઓફ-ધ-બોક્સ વિચારની સંસ્કૃતિ કેળવવાનો છે.



**સમગ્ર ૭૫ કેન્દ્રોમાંથી ૧૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેશે**

SIHની વધતી જતી લોકપ્રિયતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે SIH માટે નોંધાયેલ ટીમોની સંખ્યામાં ચાર ગણી વૃદ્ધિ જોવા મળી છે જે પ્રથમ આવૃત્તિમાં લગભગ ૭૫૦૦થી ચાલુ પાંચમી આવૃત્તિમાં લગભગ ૨૯,૬૦૦ થઈ ગઈ છે. આ વર્ષે ૧૫,૦૦૦ થીવધુ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકો SIH 2022 ગ્રાન્ડ ફિનાલેમાં ભાગલેવા માટે ૭૫ નોડલ કેન્દ્રોની મુસાફરી કરી રહ્યા છે. ૨૯૦૦થી વધુ શાળાઓ અને ૨૨૦૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ અંતિમ તબક્કામાં ૫૩ કેન્દ્રીય મંત્રાલયોમાંથી ૪૭૬ સમસ્યાના નિવેદનોનો સામનો કરશે, જેમાં મંદિરના શિલાલેખની ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન (OCR) અને દેવનાગરી સ્ક્રિપ્ટ્સમાં અનુવાદો, IoT-સક્ષમ રિસ્ક મોનિટરિંગ સિસ્ટમ, નાશવંત ખાદ્ય પદાર્થો માટે કોલ્ડ સપ્લાઈ ચેઈન આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ અને રસ્તાઓની સ્થિતિ, ભૂપ્રદેશનું ઉચ્ચ-રિઝોલ્યુશન 3D મોડલ વગેરેનોસમાવેશ થાય છે. આ વર્ષે, સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન - જુનિયરનેપણ શાળાના વિદ્યાર્થીઓ માટે નવીનતાની સંસ્કૃતિ વિકસાવવા અને શાળા સ્તરે સમસ્યાનું નિરાકરણ કરવાની વૃત્તિ વિકસાવવા પાયલોટ તરીકે રજૂ કરવામાં આવ્યા છે.

# ખેડૂત અને ખેતીની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી આવશ્યક - રાજ્યપાલશ્રી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર અને આત્મા પરિયોજના દ્વારા યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, ખેતી અને ખેડૂતની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી આવશ્યક છે. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂત અને કૃષિને આત્મનિર્ભર બનાવવા પ્રાકૃતિક કૃષિ લાભદાયી છે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિની ગુલામમાંથી આઝાદી મેળવવા માટે પ્રાકૃતિક કૃષિ મજબૂત વિકલ્પ છે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ અવસરે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા અનુરોધ કર્યો હતો. જે સંદર્ભે ગુજરાતમાં એક જ વર્ષમાં પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા રાજય સરકારે જન અભિયાન ઉપાડયું છે. સરકારે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક કૃષિ સંપન્ન જિલ્લો જાહેર કર્યો છે. એ જ રીતે પ્રાકૃતિક કૃષિ યુનિવર્સીટી પણ કાર્યરત થઈ છે. તેમણે જણાવ્યું હતું કે, દેશભરમાં પ્રાકૃતિક કૃષિની નૂતન ક્રાંતિ માટે ગુજરાતના ખેડૂતો સમગ્ર દેશ માટે પ્રેરણા પૂરી પાડશે અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ માટે દેશનું મોડેલ સ્ટેટ બનશે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે. તેમના સંકલ્પની સિધ્ધિ માટે ગુજરાતે પ્રાકૃતિક કૃષિનું જન અભિયાન ઉપાડયું છે. તેમણે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી ત્રસ્ત બન્યું છે. ગ્લોબલ વાર્મિંગની વૈશ્વિક સમસ્યા પાછળ પ્રાકૃતિક કૃષિનો ૨૪ ટકા ફાળો છે, તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. રાસાયણિક કૃષિના કારણે જળ- જમીન અને પર્યાવરણ દુષિત થઈ રહ્યા છે. રાસાયણિક ખાતર અને જંતુનાશકોના અંધાધુંધ ઉપયોગથી જમીનનો ઓર્ગેનિક કાર્બન દિન પ્રતિદિન ઘટતો જાય છે. તેના કારણે જમીનની ફળદ્રપતા સતત ઘટતી રહેવાના કારણે જમીન બંજર બની રહી છે. રાસાયણિક ખાતરો- જંતુનાશકોને કારણે દુષિત ખાધ્યાનની આરોગવાથી લોકો કેન્સર, ડાયાબિટીસ, હદયરોગ જેવા અસાધ્ય રોગના ભોગ બની રહ્યા છે. રાસાયણિક ખાતરોના ઉપયોગથી જમીનની ફળદ્રપતા ઘટવાથી ઉત્પાદન સતત ઘટી રહ્યું છે અને કૃષિ ખર્ચ સતત વધી રહ્યો છે. સરવાળે ખેડૂતની આર્થિક સ્થિતિ કંગાળ બની રહી છે. તેમણે જણાવ્યું હતું કે, આઝાદી બાદ દેશની ખાધાન્નની જરૂરિયાતને ધ્યાને લઈને હરિતક્રાંતિના માધ્યમથી રાસાયણિક કૃષિ અપનાવવી એ સમયની માંગ હતી. પરંતુ હવે, રાસયાણિક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહ્યા છે. ત્યારે તેના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની માંગ છે. રાજયપાલશ્રીએ ગુરૂકુળ કુરુક્ષેત્રમાં ૨૦૦ એકર ભૂમિમાં થઈ રહેલી પ્રાકૃતિક કૃષિના સ્વાનુભવને વર્ણવી ઉપસ્થિત ખેડૂતો સાથે સીધો સંવાદ કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન-પર્યાવરણની રક્ષા થાય છે. દેશી ગાયનું જતન- સંવર્ધન થાય છે. પ્રાકૃતિક કૃષિમાં કૃષિ ખર્ચ નહીવત હોવાથી અને ઉત્પાદન ઘટતું નહી હોવાથી ખેડૂતોને આર્થિક ફાયદો થાય છે. પ્રાકૃતિક કૃષિમાં સૂક્ષ્મજીવો અને અળસિયાં જેવા મિત્રજીવોની વૃદ્ધિને કારણે જમીનનો આર્ગેનિક કાર્બન વધે છે. અને જમીન ફળદ્રપ બને છે. રાજયપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો અને ખેતીની સમૃધ્ધિ માટે આશીર્વાદરૂપ જણાવી આ કૃષિ પધ્ધતિના સિધ્ધાંતો વિશે પણ સમજ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયના છાણ અને ગૌ-મૂત્રનો ઉપયોગ મહત્વનો છે, કારણ કે દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે. ગૌ –મૂત્ર, ખનીજોનો ભંડાર છે. જેના ભાગરૂપે બનતા બીજામૃતથી બીજને સંસ્કારિત કરવામાં આવે છે. દેશી ગાયના છાણ, ગૌ-મૂત્ર, દાળનું બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત – ઘન જીવામૃત રૂપે કલ્ચર તૈયાર કરવામાં આવે છે. જે પ્રાકૃતિક ખાતર જેવું કાર્ય કરે છે. આ પધ્ધતિમાં કૃષિ અવશેષોથી જમીનને ઢાંકવાની- મલ્ચીંગ પધ્ધતિનું પણ મહત્વ છે. મલ્ચીંગથી જમીનનું ઉંચા તાપમાન સામે રક્ષણ થાય છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે. જેથી આ પધ્ધતિમાં પાણીની પચાસ ટકા જેટલી બચત થાય છે. જમીનને ઢાંકવાથી અળસિયાં જેવા મિત્રજીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ મળે છે. એટલું જ નહી મલ્ચીંગથી નીંદામણની સમસ્યાનો પણ હલ થાય છે. આ ઉપરાંત આ પધ્ધતિમાં માટીના કણો વચ્ચે પૂરતા પ્રમાણમાં હવા અને પાણીના મિશ્રણની જાળવણી કરવાથી વાપ્સાનું નિર્માણ થાય છે. આ કૃષિ પધ્ધતિમાં મિશ્રપાકનું મહત્વ હોવાનું રાજયપાલશ્રીએ જણાવ્યું હતું. રાજયપાલશ્રીએ આર્ગેનિક કૃષિ અર્થાત જૈવિક કૃષિ અને પ્રાકૃતિક કૃષિને સાવ અલગ પધ્ધતિ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આર્ગેનિક કૃષિમાં ઉપયોગમાં લેવાતા વિદેશી અળસિયાં ભારતીય વાતાવરણમાં કાર્ય કરવા સક્ષમ નથી બનતા, આર્ગેનિક કૃષિમાં વર્મી કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવા માટે પણ પ્રમાણમાં વધુ ખર્ચ થાય છે. નિંદામણની સમસ્યાનો હલ થતો નથી અને ઓર્ગેનિક કૃષિમાં શરૂઆતમાં કૃષિ ઉત્પાદન ઘટવાથી આ પધ્ધતિ ખેડૂતો માટે લાભદાયી નથી. જયારે પ્રાકૃતિક કૃષિમાં અળસિયાં જેવા મિત્ર જીવોની વૃદ્ધિ થાય છે. જે માટીમાં રહેલા ખનીજોને શોષી શકાય તેવા સરળ સ્વરૂપમાં રૂપાંતર કરે છે. જેના શોષણ દ્વારા છોડ પોષણ મેળવે છે. ઉત્પાદન વધે છે. જમીનના સૂક્ષ્મ જીવો હવામાંના નાઈટ્રોજનનું જમીનમાં સ્થાપન કરે છે. નીંદામણની સમસ્યા હલ થાય છે. અને કૃષિ ઉત્પાદન ઘટતું નથી. જેથી પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ ખેડૂતો માટે અત્યંત લાભદાયી છે. રાજયપાલશ્રીએ અળસિયાં જેવા જીવોને ખેડૂતો માટે મિત્ર જીવ ગણાવી ઉમેર્યું હતું કે, અળસિયા જમીનમાં અસંખ્ય છીદ્રો બનાવે છે. જેનાથી જમીન નરમ બને છે. આ છીદ્રો દ્વારા વરસાદનંન પાણી જમીનમાં ઉતરવાથી પ્રાકૃતિક રીતે જળસંચય થાય છે. આવા મિત્ર જીવો અને સૂક્ષ્મજીવોની પ્રાકૃતિક કૃષિથી વૃદ્ધિ થાય છે. જયારે રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઉપયોગથી તેનો નાશ થાય છે. રાજયપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને પ્રકૃતિના નિયમનુસાર કરવામાં આવતી ખેતી ગણાવી હતી.

રાજયપાલશ્રી જણાવ્યું હતું કે, રાસયાણિક કૃષિને કારણે કેન્દ્ર સરકારને સબસીડી પાછળ અઢી લાખ કરોડ રૂપિયાનો આર્થિક બોજ સહન કરવો પડે છે. પ્રાકૃતિક કૃષિને કારણે આ નાણાંની બચત થશે. તેમણે ફેમિલી ડૉકટરની જેમ ફેમિલી ફાર્મરના વિચારને સાકાર કરવા પ્રગતિશીલ ખેડૂતોને અનુરોધ કર્યો હતો. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેતીની જમીની ફળદ્રપતા વધે, નાગરિકોનું આરોગ્ય સચવાય, પાણી -ખાતરની બચત થાય, ખેડૂતોનો ખર્ચ ઘટે તેવા ઉમદા આશયથી રાજયમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે તે દિશામાં રાજયના રાજયપાલશ્રીએ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનું જન અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન થકી રાજયમાં દિન પ્રતિદિન પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહયો છે. ગુજરાત રાજય જ નહિ, સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી ખેડૂતો અપનાવે તે માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત પ્રયત્નશીલ છે. રાજયમાં આ ખેતીને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત કાર્યરત છે. ઝેર મુક્ત અને પોષણ યુક્ત ખોરાક માટે પ્રાકૃતિક ખેતી ખૂબ જરૂરી છે, તેવું કહી કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજયમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડ કાર્યરત કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીના વિકાસ અને જન જાગૃત્તિ જેવા ઉમદા કાર્ય કરવા માટે સરકારે બોર્ડને રૂપિયા ૧૦૦ કરોડની ફાળવણી કરી છે. તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાય ખૂબ જરૂરી છે. તેના ગોબર અને મૂત્ર થકી ૩૦ એકર જમીનને ખાતર આપી શકાય છે. દેશી ગાયના નિભાવ માટે ખેડૂતોને દર માસે સરકાર દ્વારા રૂપિયા ૯૦૦/-ની સહાય ચુકવામાં આવી રહી છે. હાલમાં રાજયમાં ૧ લાખ ૮૪ હજાર કરતા વધુ ખેડૂતો દેશી ગાયની નિભાવણી કરીને આ યોજનાનો લાભ લઈ રહ્યાં છે. ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે, તેવું કહી કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે હેકટર દીઠ રૂ. ૧૦ હજાર ચુકવવામાં આવે છે. તેમણે ગાંધીનગર જિલ્લાની વાત કરતા કહ્યું હતું કે, આ જિલ્લામાં ૧૯૨૯ ખેડૂતો દ્વારા ૨ હજાર એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. તેમજ જીવ અમૃત બનાવવા માટેની જરૂરી સામગ્રી લાવવા માટે ૮૧૧ ખેડૂતમિત્રોને રુ. ૧૦ લાખથી વધુની સહાય આપવામાં આવી છે. ૨૩૪૮ ખેડૂતોને રુ. ૨૮૮ લાખની સહાય દેશી ગાયના નિભાવ માટે ચુકવવામાં આવી છે. કાર્યક્રમના આરંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ), અમદાવાદ શ્રી જે.બી.ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી ગાંધીનગરના નાયબ બાગાયત અધિકારી શ્રી જે.આર.પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, રાજયના પ્રાકૃતિક ખેતી સંયોજક શ્રી પ્રફુલ્લ સેજાલિયા, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશપુરી, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છના લાખોંદ ખાતે આકાર પામેલો ભારતનો સર્વ પ્રથમ ઊંટડીના દૂધનો પેકેજિંગ પ્લાન્ટ થકી કચ્છમાં રોજગારીની નવી તકોનું સર્જન

**ઊંટડીના દૂધનું દૈનિક ૪૧૦૦ લીટરનું કલેકશન : ઊંટડીના દુધમાંથી વિવિધ પ્રોડકટ બનાવી દેશમાં કરાતું વેંચાણ : ૫૦૦૦ ઊંટનો ઉછેર કરતા ૨૫૦ ઊંટ ઉછેરકો માટે નવી દિશાઓ વિકસી**










**રાજયનો પ્રથમ પૂર્ણ રીતે સોલાર પાવર સંચાલિત રૂ.૧૯૦ કરોડના ખર્ચે બનેલા ચાંદ્રાણીના નવર્નિમિત દુધ પ્લાન્ટથી અન્ય જિલ્લામાં દુધ પ્રોડકટનું વેંચાણ શકય બનશે**

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છમાં માનવીય વસતી કરતા પશુધનની વસતી વધુ છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી તથા પશુપાલન છે ત્યારે આ ક્ષેત્રમાં જો વિકાસની નવી તકો ખુલ્લે તો કચ્છ જેવા સુકામલકમાં રોજગારીનું સર્જન થાય તે આશય સાથે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ડેરીની સ્થાપના વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી. જે બાદ વર્ષ ૨૦૧૩માં માત્ર ૩ વર્ષના ટુંકા ગાળામાં લાખોંદ ખાતે રૂ. ૨૦ હજાર લીટર પેકેજિંગથી દૂધ પ્લાન્ટની શરૂઆત કરાઈ હતી. જે પ્લાન્ટ આજે વટવૃક્ષ બનીને દૈનિક ૨ લાખ લીટરથી ૬ લાખ લીટર દૂધની પ્રોસેસિંગ અને પેકેજિંગની ક્ષમતા ધરાવતો થઈ ગયો છે. આગામી સમયની કચ્છની જરૂરીયાત અને પશુપાલકોના હિતને જોતા ૧૯૦ કરોડના ખર્ચે અંજાર તાલુકાના ચાંદરાણી ખાતે નવો પ્લાન્ટ ઉભો કરાયો છે.

આ સાથે કચ્છની વિકાસગાથાની કલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. જેમાં કચ્છના લાખોંદ ખાતે ભારતનો સર્વ પ્રથમ ઊંટડીના દૂધનો પેકેજિંગ પ્લાન્ટ પણ ઉભો કરવામાં આવ્યો છે. જે કચ્છ અને ગુજરાત માટે ગર્વની બાબત છે. કચ્છમાં ગાય, ભેંસના ઉછેર અને પશુપાલન સાથે મોટી સંખ્યામાં પશુપાલકો જોડાયેલા છે. પરંતુ ઊંટ ઉછેરના વ્યવસાય સાથે મર્યાદિત પશુપાલકો જોડાયેલા છે. બદલાતા સમય સાથે ઊંટ ઉછેરમાં આવતી સમસ્યા તથા રોજગારીની તકો ઘટતા આ વ્યવસાયથી નવી પેઢી દુર જઈ રહી હતી. પરંતુ સંવેદનશીલ સરકારના લોકલક્ષી નિર્ણયના કારણે કચ્છમાં ભારતના સર્વપ્રથમ ઊંટડીના દૂધનો પ્લાન્ટ આકાર પામ્યો છે. જેના કારણે ઊંટ ઉછેરના વ્યવસાયની નવી દિશા ખુલ્લી છે. તેમજ માલધારી પરિવારોને એક આધાર મળ્યો છે. આ અંગે અમુલ ફેડરેશનના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલે ભારતના આ પ્રથમ પ્લાન્ટ અંગે વિગતે જણાવ્યું હતું કે, કચ્છમાંથી ઊંટડીનો ઉછેર કરતા માલધારીઓ પાસેથી દૂધ મેળવીને તેનું પ્રોસેસિંગ અને પેકેજિંગ કરાય છે.

ઊંટડીના દૂધમાંથી વિવિધ બનાવટો જેવી કે, આઈસ્ક્રીમ, પાઉડર વગેરેનું ઉત્પાદન કરીને તેનું બજારમાં વેંચાણ કરવામાં આવી રહ્યું છે. જેનાથી કચ્છના માલધારીઓને પ્રોત્સાહન મળ્યું છે. વર્તમાન સમયમાં ૫૦૦૦ ઊંટોનું પાલન કરતા ૨૫૦ ઊંટ ઉછેરકો પ્લાન્ટ સાથે જોડાયેલા છે. હાલમાં દૈનિક ૪૧૦૦ લીટર દૂધનું કલેકશન કરવામાં આવી રહ્યું છે. માલધારીઓને ઊંટડીના દુધ પેટે પ્રતિ લીટર રૂ.૫૧ લેખે ચુકવણી કરવામાં આવે છે.

જે મુજબ ગત વર્ષે વાર્ષિક રૂ. ૭ કરોડનું ઊંટ ઉછેરકોને ચુકવણું કરાયું હતું. આ વર્ષે રૂ. ૧૦ કરોડનુ સંભવિત ચૂકવણું કરાશે. સરકારની મદદથી ચાંદ્રાણી ખાતેના ૧૯૦ કરોડના ખર્ચે બનેલા નવા પ્લાન્ટ અંગે માહિતી આપતા વલમજીભાઈ હુંબલે ઉમેર્યુ હતું કે, કુલ ૨૬ એકરમાં બનેલા આ પ્લાન્ટનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ થશે. કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા સંચાલિત પ્લાન્ટની વર્તમાન દૈનિક રૂ. ૨ લાખ લીટરની કેપેસિટી છે, જે વિસ્તરીને દૈનિક ૪ થી ૬ લાખ લીટર સુધી થઈ શકશે. સોલાર પાવરથી સંચાલિત પ્લાન્ટની ક્ષમતા વધતા વધુ ૨ લાખ લીટર દૂધ તથા તેની બનાવટને અમુલ બ્રાન્ડ હેઠળ કચ્છ તથા નજીકના જિલ્લામાં વેંચાણ અર્થે મુકી શકાશે. કાચા દૂધના વેચાણની સામે વેલ્યૂ એડિશન કરી દૂધ અને દૂધની બનાવટો જેમ કે, દહીં, છાશ, પનીર, માવો, પેંડા, ઘી વગેરે તૈયાર થશે. વેલ્યૂ એડિશન શકય બનતા કચ્છના માનવધનથી વધુ પશુધન ધરાવતા જિલ્લાના પશુપાલકોને ઊંચા ભાવો ચુકવવા સરહદ ડેરી સક્ષમ બનતા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ખેડૂતોની બમણી આવક કરવાની કલ્પના ફળીભૂત થશે.

આમ, સીધી અને આડકતરી રીતે ૧૦૦૦થી વધારે લોકોને રોજગારી ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં બચત તથા તેનો સીધો ફાયદો પશુપાલકોને થશે. તેઓ જણાવે છે કે, આજે સરહદ ડેરી થકી કચ્છમાં ૧૨૫ મહિલા મંડળી તથા ૧૦૦૦૦ મહિલા પશુપાલક સભાસદ આજે આત્મનિર્ભર બન્યા છે. ચેરમેનશ્રીએ નવા પ્લાન્ટ સાથે કાર્યરત થનારા ગુજરાતના સૌ-પ્રથમ સોલાર પાવર સંચાલિત અને સંપૂર્ણ ઓટોમેટિક પશુ-આહાર (કેટલ ફીડ) અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, કેટલ ફીડ પ્લાન્ટનું ૩૦૦ મેટ્રિક ટન પ્રતિદિનથી ૫૦૦ મેટ્રિક ટન પ્રતિ દિન વિસ્તરણ થઈ શકે છે. જેના કારણે વધુ માલનું ઉત્પાદન શકય બનશે.

ઉલ્લેખનીય છે કે, ૧૪ મંડળી પાસેથી ?૧૪૦૦ લીટર દૂધ એકત્રીકરણથી સરહદ ડેરીની શરૂઆત કરવામાં આવી હતી. અત્યારે વટવૃક્ષ બનેલા આ પ્રકલ્પ દ્વારા ૭૩૫ મંડળીના ૯૦ હજારથી વધારે પશુપાલકો પાસેથી રૂ. ૫.૫૦ લાખ લીટર જેટલું દૂધનું ઊંચું કલેકશન કરવામાં આવ્યું છે. તેમજ ચાલુ વર્ષે ?રૂ. ૭ લાખ લીટર દૂધ કલેકશનનું લક્ષ્યાંક છે.

# નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરાઈ

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી શહેર અને જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે શહેરી તેમજ ગ્રામ્ય માર્ગો ઉપર પડેલા ખાડાઓ પૂરવા નવસારી જિલ્લા વહીવટીતંત્ર સજાગ બની કામગીરી પુરજોશમાં આરંભી દીધી છે.

નવસારી શહેરીના વિસ્તારોમાં નવસારી નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવસારી-વિજલપોર નગરપલિકાના દરેક વોર્ડમાં રસ્તાઓમાં પડેલા ખાડાઓની તાત્કાલિક મરામત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરાતા શહેરીજનોને રોજબરોજની અવરજવરમાં રાહત મળી છે.



# વડોદરા જિલ્લાની ત્રણ શાળાઓને રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શાળા પ્રદર્શન " પુરસ્કાર એનાયત થયો

કમલમ્ ન્યુઝ,વડોદરા,

સ્વચ્છ વિધાલય પુરસ્કાર અંતર્ગત વડોદરા જિલ્લાની ત્રણ શાળાઓને રાજયકક્ષાનો '' શ્રેષ્ઠ શાળા પ્રદર્શન "પુરસ્કાર અને વડોદરા જિલ્લાને રાજ્યકક્ષાનો ''શ્રેષ્ઠ જિલ્લા પ્રદર્શન' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.ભારત સરકારના શિક્ષા મંત્રાલય ધ્વારા સંચાલિત " સ્વચ્છ વિધાલય પુરસ્કાર, વર્ષ ૨૦૨૧ -૨૨ "યોજના અંતર્ગત ગુજરાત રાજયનો રાજયકક્ષાનો સ્વચ્છ વિધાલય પુરસ્કાર અમદાવાદ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્વચ્છ વિધાલય પુરસ્કાર , ઓવરઓલ કેટેગરીમાં વિજેતા બનેલ વડોદરા જિલ્લાની ઈટોલી પ્રા.શાળા અને ઉડેરા પ્રા.શાળા તથા સબ કેટેગરીમાં વિજેતા બનેલ વણાદરા પ્રા.શાળાને શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે " શ્રેષ્ઠ શાળા પ્રદર્શન " પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ યોજના અંતર્ગત એવોર્ડ મેળવતી શાળાઓની સંખ્યા પાર્ટીસીપેશન વગેરે ધ્યાને લેતા રાજયના એક શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર જિલ્લા તરીકે વડોદરા જિલ્લાને રાજયકક્ષાનો " શ્રેષ્ઠ જિલ્લા પ્રદર્શન " પુરસ્કાર ટ્રોફી અને પ્રમાણપત્રશિક્ષણ મંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનું આયોજન સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સમગ્ર શિક્ષાની કચેરી ધ્વારા કરવામાં આવ્યું હતુ. રાજય કક્ષાએ ઓવરઓલ કેટેગરીમાં પસંદગી પામેલ શાળાઓને રોકડ પુરસ્કાર,ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાની બાળસંસદના ઉપસ્થિત વિધાર્થીઓનું સ્મૃતિભેટથી સન્માન કરવા સાથે સબ કેટેગરીમાં



વિજેતા બનેલ શાળાને પણ રોકડ પુરસ્કાર,ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કુલ ૬ સબ કેટેગરીમાં પાણી, શૌચાલય, સાબુથી હાથ ધોવા, જાળવણી અને મરામત, વ્યવહાર પરિવર્તન અને ક્ષમતાવર્ધન તથા કોવિડ –૧૯ પૂર્વ તૈયારી અને પ્રતિસાદનો સમાવેશ થાય છે. વડોદરા જિલ્લામાંથી જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા નોડલ ઓફિસર (ઓઆઈસી ક્યુઈએમ) અને ડીપીઈ એ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

# ૨૮ ઓગસ્ટના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ભુજમાં સ્મૃતિવનનું લોકાર્પણ કરશે

## ભૂકંપ બાદના વિકાસ અને કચ્છની ખુમારીને સમર્પિત વિશેષ મ્યૂઝિયમ લોકો વચ્ચે આકર્ષણનું કેન્દ્ર બનશે

### રિયલટાઇમ ભૂકંપનો અનુભવ કરાવવા માટે મ્યૂઝિયમમાં ખાસ થિયેટરનું નિર્માણ કરાયું



**આધુનિક ટેક્નોલોજી અને વર્ચ્યુઅલ રિયાલીટીની મદદથી મુલાકાતીઓને ઉમદા અનુભવ મળશે**

કમલમ્ ન્યુઝ,

૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કચ્છના ભુજમાં સ્મૃતિવનનું લોકાર્પણ કરવાના છે. ૨૬ જાન્યુઆરી ૨૦01ના આવેલા ગોઝારા ભૂકંપે કચ્છને ઘમરોળી નાખ્યું હતું અને તેમાં ભોગ બનેલા નાગરિકોના યાદમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ હોનારત સામે કચ્છ એક અભૂતપૂર્વ સફર ખેડીને બેઠું થયું છે અને આજે કચ્છના વિકાસનો ડંકો વિશ્વભરમાં વાગે છે. સ્મૃતિવન બનાવવાનો નિર્ધાર તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રજૂ કર્યો હતો. આ પ્રોજેક્ટને સાકાર કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે અને તેથી હવે આ પ્રોજેક્ટ સાકાર થયો છે. સ્મૃતિવનમાં બનાવવામાં આવેલું વિશેષ મ્યૂઝિયમ લોકો વચ્ચે આકર્ષણનું કેન્દ્ર બનશે. ભૂકંપની ક્ષણને ફરી જીવંત કરવા અને તેમાંથી આપણે શું શીખ્યા, તેમજ યુવાનોમાં ભૂસ્તરવિજ્ઞાન પ્રત્યે રૂચિ પેદા થાય તે હેતૂથી આ મ્યૂઝિયમનું નિર્માણ કરવામાં આવ્યુ છે. ભૂસ્તરશાસ્ત્રને લગતી વિવિધ રસપ્રદ માહિતી તેમજ ભૂકંપની સ્મૃતિઓને અહીં અલગ અલગ ગેલેરીમાં દર્શાવવામાં આવશે. તેના માટે આધુનિક ટેક્નોલોજી અને ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ભૂકંપનો અનુભવ કરવા માટે વિશેષ થિયેટર

૨૦૦૧ માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયટેરનું નિર્માણ કરવામાં આવ્યું છે જે વિશ્વમાં સૌથી મોટા સ્ટિમ્યુલેટર પૈકી એક છે. અહીં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી એક વિશેષ પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવશે. મ્યૂઝિયમમાં કુલ આઠ બ્લોક છે જેમને પુનઃ સંરચના, પુનઃપરિચય, પુનઃપ્રત્યાવર્તન, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃઆવૃતિ અને પુનઃસ્મરણ નામ આપવામાં આવ્યું છે. અહીં ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતી, ગુજરાતની કળા અને સંસ્કૃતિ, વાવાઝોડાનું વિજ્ઞાન, રિયલટાઈમ અપાતકાલિન સ્થિતિ અંગે કન્ટ્રોલ રૂમ દ્વારા સમજૂતિ તેમજ ભૂકંપ બાદના ભુજની સાફલ્યગાથાઓ અને રાજ્યની વિકાસયાત્રા વર્કશોપ અને પ્રેઝન્ટેશનના માધ્યમથી દર્શાવવામાં આવી છે.

### વર્ચ્યુઅલ રિયાલીટી, ઇન્ટરેક્ટિવ પ્રોજેક્શનથી ઉમદા અનુભવ

મુલાકાતીઓને અહીં એક ઉમદા અનુભવ મળે તે હેતુથી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં ૫૦ ઓડિયો-વિઝ્યુઅલ મોડલ, હોલોગ્રામ, ઈન્ટરેક્ટિવ પ્રોજેક્શન અને વર્ચ્યુઅલ રિયાલીટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જીવાશ્મોનું પ્રદર્શન પણ લોકો અહીં જોઇ શકશે. આ સ્થળ સ્થાનિક કળા સંસ્કૃતિ અને ભૂકંપ બાદની સાફલ્યાગાથાની સાથે વિજ્ઞાનનો એક અદભૂત સમન્વય કરવામાં આવ્યો છે.

### ડિજીટલ મશાલથી શ્રદ્ધાંજલિ

પુનઃસ્મરણ બ્લોકમાં મુલાકાતીઓ ગેલેરીમાં પહોંચીને ભોગ બનેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ આપી શકશે. અહીં ટચ પેનલ પર ડિજીટલ મશાલ પ્રગટાવવાથી તે એલઇડી દિવાલમાંથી થઈને સિલીંગની બહાર એક પ્રકાશ બીમની જેમ નિકળશે અને સમગ્ર ભુજ શહેરમાંથી જોઈ શકાશે.

### સ્થાનિક ખાવડા સ્ટોનનો ઉપયોગ

કચ્છનો વિશેષ રંગ ઉમેરાય તે હેતુથી આ મ્યૂઝિયમની દિવાલો અને ફ્લોરમાં સ્થાનિક ખાવડા સ્ટોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પથ્થરની વિશેષતા એ છે કે સમય જતા લોકોની ચહલપહલથી તે વધુ મજબૂત અને સુંદર બનતો જાય છે.

### ૪૭૦ એકર વિસ્તારમાં સ્મૃતિવન પ્રોજેક્ટ

ભુજના ભુજિયો ડુંગર પર ૪૭૦ એકર વિસ્તારમાં પ્રોજેક્ટ નિર્માણ પામશે. પ્રથમ તબક્કામાં ૧૭૦ એકર વિસ્તારને વિકસિત કરવામાં આવી રહ્યો છે. પ્રથમ તબક્કાના ઘટકોમાં ૫૦ ચેકડેમ, સનપોઈન્ટ, ૮ કિમી લંબાઈના ઓવરઓલ પાથવે, ૧.૨ કિમી આંતરિક રોડ, ૧ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ, ૩ હજાર મુલાકાતીઓ માટે પાર્કિંગ, ૩૦૦ વર્ષ જૂના કિલ્લાનું નવીનીકરણ, ૩ લાખ વૃક્ષોનું વાવેતર, સમગ્ર વિસ્તારમાં ઈલેક્ટ્રિક લાઈટિંગ અને ૧૧૫૦૦ ચોરસમીટરમાં ભૂકંપને સમર્પિત મ્યૂઝિયમનો સમાવેશ થાય છે. શ્રદ્ધાંજલિ તરીકે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તકતી અહીં ચેકડેમની દિવાલો પર મુકવામાં આવી છે.

### જાપાન અને દ. આફ્રિકામાં પણ ભૂંકપને સમર્પિત મ્યૂઝિયમ

જાપાનમાં કોબે અર્થક્વેક મેમોરિયલ મ્યૂઝિયમ છે જેમાં ભૂકંપમાં બચી ગયેલા લોકોની કહાણીઓ, વ્યવસ્થાપન અને સ્થળાંતરને લગતી પ્રવૃત્તિઓ વિશે જણાવવામાં આવે છે. ભૂકંપ બાદ ઘટેલી પરિસ્થિતિઓનો ચિતાર પણ આપવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકામાં તુલબાગ અર્થક્વેક મ્યૂઝિયમ છે જેમાં સ્થાનિકો તેમના ભૂકંપ અંગેના અનુભવો વીડિયો અને પ્રદર્શન દ્વારા જણાવે છે. આ રીતે જ ભુજમાં પણ હવે ભૂકંપ અંગેનું વિશેષ મ્યૂઝિયમ હવે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

# ગાંધીનગર મધ્યે ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબના હસ્તે કચ્છની પાંજરાપોળ તથા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીને રૂપિયા ૫૫ લાખના ચેક અર્પણ



કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મધ્યે ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબના હસ્તે કચ્છની પાંજરાપોળ તથા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીને રૂપિયા ૫૫ લાખના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા કચ્છ ભુજ મધ્યે તારીખ ૧૪-૫-૨૦૨૨ ના રોજ કચ્છ યુનિવર્સિટી મધ્યે તપાગચ્છા ધિપત્તિ આચાર્ય ભગવંત શ્રી મનોહર કીર્તિ સાગર મહારાજા જૈન સ્ટડી સેન્ટર તથા શ્રી જશવંતભાઈ કલ્યાણજી ગાંધી આઈ.એ.એસ સ્ટડી સેન્ટરના લોકાર્પણ પ્રસંગે માનનીય ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી.આર પાટીલ સાહેબની રજત તુલા શ્રીજૈન સમાજદ્વારા કરવામાં આવી હતી. જે રજતની રકમ ૫૫ લાખના ચેક વિવિધ પાંજરાપોળ તથા કચ્છ યુનિવર્સિટીને અર્પણ કરવામાં આવ્યા હતા.. જૈન સમાજના શ્રી હિતેશભાઈ ખંડોરની આગેવાની હેઠળ પાંજરાપોળના હોદ્દેદારો તથા જૈન સમાજના આગેવાનો ગાંધીનગર મધ્યે ગયેલ હતા. આ પ્રસંગે શ્રી બુદ્ધિસાગર સમાધીટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મેહુલભાઈ ગાંધી એ માન શ્રી સી.આર પાટીલ સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો તેમ જ કાર્યક્રમનો સંચાલન કર્યું હતું.. શ્રી હિતેશભાઈ ખંડોરે જણાવ્યું હતું કે કચ્છની ૬ પાંજરાપોળને પાંચ પાંચ લાખ રૂપિયા કુલ ૩૦ લાખ તથા કચ્છ યુનિવર્સિટીને રૂપિયા ૨૫ લાખ જૈન સ્ટડી સેન્ટર તથા આઈ.એ.એસ સ્ટડી સેન્ટર માટે અર્પણ કરવામાં આવ્યા હતા અને માનનીય શ્રી સી.આર.પાટીલ સાહેબે આ રકમ જીવદયા તથા જૈનીઝમ સ્ટડી સેન્ટર અને આઈ.એ.એસ સેન્ટર માટે ફાળવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સમસ્ત જૈન સમાજ માનન શ્રી સી.આર.પાટીલ સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો અને આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવનાર જૈન અગ્રણી શ્રી હિતેશભાઈ ખંડોર ની ખૂબ અનુમોદના ના કરેલ છે.

૧. રજીસ્ટર કચ્છ યુનિવર્સિટી ૨૫ લાખ.
૨. સુપાસ્વ જૈન સેવા મંડળ ભુજ પાંચ લાખ (શ્રી કૌશલભાઈ મહેતા- અધ્યક્ષ, શ્રીભવ્ય ભાઈ મહેતા).
૩. શ્રીજીવદયા મંડળ રાપર પાંચ લાખ. ( શ્રીનવીનભાઈ મોરબીયા - પૂર્વ પ્રમુખ. ,શ્રી રસિકભાઈ વોરા.)
૪. શ્રી ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર પ્રાગપર પાંચ લાખ. (શ્રી ધવલભાઈ ગંગર ટ્રસ્ટી શ્રી.,. ડો. હર્ષલ સોલંકી)
૫. શ્રી જીવદયા મંડળ ભચાઉ પાંચ લાખ (.જયેશભાઈ કોરડીયા - ટ્રસ્ટી શ્રી)
૬. શ્રી કચ્છ મુન્દ્રા પાંજરાપોળ એન્ડ ગૌશાળા પાંચ લાખ (.શ્રી નવીનભાઈ મહેતા - અધ્યક્ષ)
૭ શ્રીવર્ધમાન પરિવાર ચિયાસર પાંચ લાખ. ( વીરેનભાઈ શાહ - ટ્રસ્ટીશ્રી.) રજીસ્ટારશ્રી એમ.બુટાણી તથા જૈનીઝમ સ્ટડી સેન્ટરના ડાયરેક્ટર શ્રી પંકજ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા...

આ કાર્યક્રમમા જૈન સમાજના આગેવાનો શ્રી સેવંતી ભાઈ દોશી અગ્રણી શ્રી જૈન સમાજ ગાંધીધામ, નીતિનભાઈ મહેતા મંત્રી શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી સંજયભાઈ રમણીક લાલ મહેતા ટ્રસ્ટી શ્રી માકપટ સમાજ કચ્છ, નવીનભાઈ કેશવલાલ મહેતા અગ્રણીશ્રી જૈનસમાજ, હાર્દિકભાઈ મહેતા અધ્યક્ષશ્રી કચ્છી દશા ઓસવાડ યુવક મંડળ ભુજ, શ્રી લક્ષ્મીકાંત ભાઈ ચરલા પૂર્વ અધ્યક્ષશ્રી વાગડ વિશા ઓસવાડ જૈન સમાજ (કન્વીનર શ્રી નરેન્દ્ર મોદી ફેન્સ ક્લબ મુંબઈ), શ્રી કિર્તીભાઈ કેશવાલ સંઘવી ઉપપ્રમુખ શ્રી બીબીસી સમાજ, શ્રી જયેશભાઈ મહાદેવ મહેતા અધ્યક્ષ વી.બી.સી સમાજ અમદાવાદ, શ્રી દિનેશભાઈ વોર, શ્રી આશિષભાઈ ધીરુભાઈ શાહ કાઉન્સિલરશ્રી, શ્રી દિપેશભાઈ બી મહેતા ટ્રસ્ટી શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજ,શ્રી આનંદભાઈ મોરબીયા અધ્યક્ષાશ્રી યુવક મંડળ ભુજ, શ્રી કમલેશભાઈ કોરડીયા ખજાનજી શ્રી વી.બી.સી સમાજ માધાપર.

# સાંકળચંદ પટેલ યનિવર્સિટીના MBA પ્રોગ્રામના ચાર દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનો શુભારંભ.

## "જીવન જીવવા યોગ્ય છે, જીવન સુંદર છે."-નીરવ શાહ



કમલમ્ ન્યુઝ,

વિસનગરમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના MBA પ્રોગ્રામના ૪ દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનો શુભારંભ કરવામાં આવ્યું. દર વર્ષે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના MBA પ્રોગ્રામ દ્વારા નવી બેચને MBAમાં આવકારવામાં આવે છે અને 'મેનેજમેન્ટ શિક્ષણની' પૂર્વ તૈયારીના ભાગરૂપે દર વર્ષે આ પ્રોગ્રામ યોજવામાં આવે છે. આ વર્ષે ચાર દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામના પ્રથમ દિવસે ચીફ ગેસ્ટ તરીકે અમદાવાદથી શ્રી નીરવ શાહ, ચીફ એકઝીક્યુટીવ ઓફિસર, રિયલ એસ્ટેટ ડેવેલોપર, આર્કિટેકટ અને ઈન્ટિરિયર ડિઝાઈનર હાજર રહ્યા હતા. શ્રી નીરવ શાહે પોતાની 'લાઈફ જર્ની' નવા વિદ્યાર્થીઓને જણાવી હતી. તેમણે જણાવ્યું કે કેવી રીતે એક સમયની નાદાર જાહેર થયેલી કંપનીના હજારો કરોડના નુકશાનમાંથી બહાર આવીને આજે તેઓ ફરીથી તેમને કરોડોના ટર્ન ઓવરનો બિઝનેસને ઉભો કર્યો છે. ગર્ભશ્રીમંત હોવા છતાં જન્મથી લઈને અત્યારે સુધીમાં એમને આટલા બધાં ઉતાર-ચઢાવ જોયા બાદ આજે તેઓ અનુભવથી કહી શકે છે કે "જીવન જીવવા યોગ્ય છે, જીવન સુંદર છે." વધુમાં તેઓએ જણાવ્યું કે માતાપિતા માત્ર પોતાની સંતાનનું ભલું ઈચ્છે છે અને જો સંતાન તેમના માતાપિતાને સમજાવી શકે કે તેઓ જે કારકિર્દીમાં આગળ વધવા ઈચ્છે છે તે તેમને ખુશ રાખશે તો માતાપિતા હંમેશા સાથ આપે છે. આ ચાર દિવસીય પ્રોગ્રામમાં બાકીના ત્રણ દિવસ મેનેજમેન્ટ વિભાગના પ્રોફેસર્સ વિવિધ એકસપિરિયન્સલ લર્નિંગ દ્વારા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટના શિક્ષણ વિશે ખ્યાલ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં છેલ્લા ૨૨ વર્ષથી સ્મ્છ પ્રોગ્રામ કાર્યરત છે. કારકિર્દી માટે શ્રેષ્ઠ એવી આ ડિગ્રીમાં ફાઈનાન્સ, માર્કેટીંગ અને હ્યુમન રિસોર્સ જેવા સ્પેશ્યલાઈઝેશન આપવામાં આવે છે. આ સંસ્થામાં સ્નાતક બાદ સ્મ્છ અને બારમાં ધોરણ બાદ "-સ્મ્છ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે અને મહત્તમ પ્લેસમેન્ટ માટે રેકોર્ડ છેલ્લા બે વર્ષથી આ પ્રોગ્રામ દ્વારા સ્થાપવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ તથા પ્રોવોસ્ટ ડૉ. ડી. જે. શાહે વિદ્યાર્થીઓને આવકારીને ભવિષ્યમાં કારકિર્દી નિર્માણ માટે પ્રેરણા પુરી પાડી હતી. સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ ના પ્રિન્સિપાલ શ્રી ડૉ. સંતોષ શાહે વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર આપીને મેનેજમેન્ટ કારકિર્દી પસંદ કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. ડીન ઓફ ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ ડૉ. જે. કે. શર્માએ MBA અને I-MBAની ઉપલબ્ધીઓ જણાવીને આ વર્ષની રૂપરેખા વિશે જાણકારી આવી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની રવિશંકર આર્ટ ગેલેરી ખાતે ફોટો જર્નાલિસ્ટ એસોશીએશન આયોજિત 'ફોટો પ્રદર્શન' ખુલ્લું મુકયું હતું









કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

વર્લ્ડ ફોટોગ્રાફી ડે ની ઉજવણીના ઉપલક્ષ્યમાં ફોટો જર્નાલિસ્ટ એસોશીએશન આયોજિત 'ફોટો પ્રદર્શન'માં ૧૬૦ જેટલી સુંદર અને અલભ્ય તસ્વીરો પ્રદર્શિત કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ આ તસ્વીરો અત્યંત રસપૂર્વક નિહાળી હતી. કેમેરાના માધ્યમથી ક્ચકડે કંડારાયેલી અનેક તસ્વીરી યાદગાર ક્ષણોને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવીને તસ્વીરકારોને અભિનંદન પણ આપ્યા હતા. લગભગ ૩૦ વર્ષ પહેલાં સ્થપાયેલા ફોટો જર્નાલિસ્ટ એસોશીએશનના ૩૧ સભ્યો દ્વારા કોરોના કાળથી અત્યાર સુધીમાં કેમેરામાં કંડારાયેલી બેનમૂન તસ્વીરો આ ફોટો પ્રદર્શનમાં પ્રદર્શિત કરાઈ છે.

પ્રાકૃતિક સૌંદર્ય, રીત-રિવાજ તથા માનવીય સંવેદના ઉપરાંત કોરોના કાળમાં સરકાર દ્વારા ઉપલબ્ધ કરાયેલી ટેસ્ટીંગથી માંડી અન્ય સુવિધાઓને ઉજાગર કરતી વિવિધ બાબતોને ફોટોકર્મીઓ દ્વારા કેમેરામાં કંડારવામાં આવી છે તે પૈકીની શ્રેષ્ઠ તસ્વીરો આ પ્રદર્શનમાં પ્રદર્શિત થઈ છે. શ્રેષ્ઠ તસ્વીરો પૈકી પ્રથમ, બીજા અને ત્રીજા એમ અનુક્રમે શ્રી અમીતભાઈ દવે, શ્રી શૈલેષ સોલંકી અને શ્રી ધવલ ભરવાડને તથા ૧૦ કોન્સોલેશન પ્રાઈઝ મેળવનાર તસ્વીરકારોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન જાહેર જનતા માટે તા ૨૮ ઓગષ્ટ સુધી સવારે ૧૧ થી રાત્રે ૮ સુધી ખુલ્લું રહેશે આ ફોટો પ્રદર્શન પ્રારંભ પ્રસંગે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેષ બારોટ, ભાજપાના શહેર પ્રમુખ શ્રી અમીતભાઈ શાહ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028